# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 308 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 December 2024, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૨૭ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



A BRAND OF RAJNISH WELLNESS LIMITED




તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન કેપ્સ્યુલ્સ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો. માત્ર 21 દિવસના કોર્સમાં, સુખ અને સંતોષ એક આદત બની જાય છે અને છેવટે સફળ અને ખુશ જીવન જીવે છે. શરીરના આવશ્યક ભાગો પર સખ્તાઇ અને સનસનાટીભર્યા નબળા ચેતા રાખવા માટે, કોર્સ સાથે પ્લે વિન ઓઇલનો ઉપયોગ કરો.

સારા પરિણામો માટે પ્લે-વિન તેલનો ઉપયોગ કરો

100% Ayurvedic | No Side effects
100% Vegetatrian | 17 Precious Herbs

ફક્ત પુરૂષો માટે
પ્લે-વિન કેપ્સ્યુલ

મહિલા માટે ભી ઉપલબ્ધ છે
પ્લે-વિન-F
કેપ્સ્યુલ ફક્ત મહિલા માટે

Available on : Flipkart

બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે

21 દિવસ સુધી દરરોજ
સવારે 1 અને સાંજે 1
પ્લે-વિન કેપ્સ્યુલ ખાવાનું



## RAJSHRUNGAR®
RAJKOT

Real
# BANDHANI
Patan & Rajkoti
# PATOLA

December 2024 | 27 FRI | 28 SAT | 29 SUN | Time : 10:00 am to 08:00 pm

Follow us

AAKAR ART GALLERY
49A, Bhulabhai Desai Road, Breach Candy,
Near Benzer, Mahalaxmi (W), Mumbai

9879187787 RAJSHRUNGAR RAJKOT

Follow us

Print Master



# BRIHANMUMBAI MAHANAGARPALIKA
## EDUCATION DEPARTMENT
# MUMBAI PUBLIC SCHOOL


18 CBSE | 01 IGCSE
01 ICSE | 01 IB

## Quality Education for Free !
## Equal Opportunity for All


State of the Art Infrastructure


Digital & Virtual Classroom


Tab & Computer Lab


Science Lab


Playground


Library


Sports Activities


Cultural Activities


Skill lab

## Admission Open for MUMBAI PUBLIC SCHOOL

School's Offering
CBSE / IGCSE / ICSE / IB Board Curriculum are located at :-

1) MUMBAI PUBLIC SCHOOL CHIKUWADI CBSE
2) MUMBAI PUBLIC SCHOOL JANKALYAN NAGAR CBSE
3) MUMBAI PUBLIC SCHOOL PRATIKSHA NAGAR CBSE
4) MUMBAI PUBLIC SCHOOL POONAM NAGAR CBSE
5) MUMBAI PUBLIC SCHOOL M.G.CROSS ROAD -1 CBSE
6) MUMBAI PUBLIC SCHOOL MALVANI TOWNSHIP CBSE
7) MUMBAI PUBLIC SCHOOL BHAVANISHANKAR CBSE
8) MUMBAI PUBLIC SCHOOL KANE NAGAR CBSE
9) MUMBAI PUBLIC SCHOOL SHANTI NAGAR CBSE
10) MUMBAI PUBLIC SCHOOL MITHAGAR CBSE
11) MUMBAI PUBLIC SCHOOL HARIYALI VILLAGE CBSE
12) MUMBAI PUBLIC SCHOOL RAJAWADI CBSE
13) MUMBAI PUBLIC SCHOOL AZIZ BAUG CBSE
14) MUMBAI PUBLIC SCHOOL TUNGA VILLAGE CBSE
15) MUMBAI PUBLIC SCHOOL JIJAMATA NAGAR CBSE
16) MUMBAI PUBLIC SCHOOL AASHISH TALAV CBSE
17) MUMBAI PUBLIC SCHOOL NATAVAR PAREKH COMPOUND CBSE
18) MUMBAI PUBLIC SCHOOL VEER SAVARKAR MARG CBSE
19) MUMBAI PUBLIC SCHOOL WOOLAN MILL ICSE
20) MUMBAI PUBLIC SCHOOL L.K.WAGHAJI INTERNATIONAL (IGCSE)
21) MUMBAI PUBLIC SCHOOL VILE PARLE INTERNATIONAL (IB)

"For the academic year 2025-26, A total Of 21 schools are offering admissions for Grade Nursery: 18 CBSE, 1 ICSE, 1 IGCSE and 1 IB. The online admission process will be conducted from January 1, 2025, To January 15, 2025."

Apply on :- https://www.mcgm.gov.in/irj/portal/anonymous/qlSchool
Path :- http://portal.mcgm.gov.in → citizen → Admission → MPS → Apply
For More Help What's app To : 077770 25575

PRO/2030/ADV/24-25

# સમૃદ્ધિ હાઈવે પરનાં કયાં ૧૬ સ્થળો સ્માર્ટ સિટી બનશે?: મહાયુતિ સરકારનો માસ્ટર પ્લાન તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સમૃદ્ધિ એક્સપ્રેસ-વે ટ્રાફિક માટે સંપૂર્ણ રીતે ખૂલવાની તૈયારી થઈ રહી છે, ત્યારે હવે સરકારે સમૃદ્ધિ માર્ગ સાથે સંકળાયેલા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સના નિર્માણને ગતિ આપવાનો નિર્ણય લીધો છે. આ માટે ૩૦મીએ બેઠક બોલાવવામાં આવી છે.

મહાયુતિ સરકાર અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો મહત્વાકાંક્ષી ડ્રીમ પ્રોજેક્ટ સમૃદ્ધિ મહામાર્ગ હવે પૂર્ણત્વને આરે પહોંચી ગયો છે. આગામી દિવસોમાં સમૃદ્ધિ હાઈવેના છેલ્લા તબક્કાનું કામકાજ શરૂ થશે અને ત્યાર બાદ સમૃદ્ધિ હાઈવે પર ૧૬ સ્થળોએ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ બનાવવાની ગતિવિધિઓએ શરૂ થઈ છે અને આ અંગે ઉચ્ચ-સ્તરીય બેઠક બોલાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ૩૦ ડિસેમ્બરે સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંગે મુંબઈમાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

### સ્માર્ટ સિટી ખરેખર શું છે?

નાગપુર અને મુંબઈ વચ્ચેનું અંતર ઘટાડનારા ૭૦૧ કિલોમીટરના સમૃદ્ધિ હાઈવે હવે છેલ્લો તબક્કો થોડા દિવસોમાં કાર્યરત થવા જઈ રહ્યો છે, પરંતુ તે પછી સરકાર કામે લાગી ગઈ છે સ્માર્ટ સિટી પ્રોજેક્ટ પર જે તે પ્રોજેક્ટનો બીજો તબક્કો છે. સૂત્રોએ માહિતી આપી છે કે પ્રથમ ૧૦૦ દિવસમાં જે પ્રાથમિકતાના કામો કરવાના છે તેમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટના કામો સામેલ છે અને તે મુજબ સરકાર સમૃદ્ધિ હાઇવે પર ૧૬ સ્થળોએ સ્માર્ટ સિટી બનાવશે. ■

### કયાં ૧૬ સ્થળો બનશે સ્માર્ટ સિટી?

૧) વિરુલ (ચેઈનેજ - ૮૦) વર્ધા.
૨) દત્તપુર (ચેઈનેજ - ૧૦૫.૭) અમરાવતી.
૩) શિવની (ચેઈનેજ - ૧૩૭.૫) અમરાવતી.
૪) શેહ ( ચેઇનેજ - ૧૮૨.૫ ) કારંજા વાશીમ.
૫) વાનોજ ( ચેઇનેજ - ૨૧૦.૫ ) વાશિમ.
૬) રિધોરા ( ચેઇનેજ - ૨૩૯.૬ ) વાશિમ.
૭) સાબરા (ચેઈનેજ - ૨૮૩.૩) મેહકર બુલઢાણા
૮) માળ- સાવરગાંવ (ચેઈનેજ - ૩૪૦) બુલઢાણા
૯) જામવાડી (ચેઈનેજ - ૩૬૫) જાલના.
૧૦) હડસ પિંપલગાંવ (ચેઈનેજ-૪૭૦)
૧૧) જાંબરગાંવ (ચેઈનેજ - ૪૮૮.૫) સંભાજીનગર.
૧૨) ધોત્રા (ચેઈનેજ ૫૦૫) કોપરગાંવ નગર.
૧૩) સાવળા વિહીર (ચેઈનેજ - ૫૨૦) નગર.
૧૪) ફુગાલે (ચેઈનેજ - ૬૩૫) થાણે.
૧૫) સપગાંવ (ચેઈનેજ - ૬૭૦ ) થાણે.
૧૬) લેણાડ (ચેઈનેજ - ૬૭૩) થાણે.

રાજ્યમાં મહાયુતિની સરકાર આવ્યા બાદ પ્રથમ ૧૦૦ દિવસમાં કરવાના અગ્રતાના કામોમાં સ્માર્ટ સિટીમાં પ્રથમ બે સ્થાને હવે સ્માર્ટ સિટીની કામગીરીને ગતિ મળી છે. તેમાં નાગપુર નજીક વર્ધા જિલ્લામાં વિરુન અને બુલઢાણા જિલ્લામાં સિંદખેડ રાજા નજીકના માળસાવરગાંવ ખાતેના સ્માર્ટ સિટીના કામોનો સમાવેશ થાય છે. ■

### સમૃદ્ધિ હાઈવેની બાજુના સ્માર્ટ સિટીના ફાયદા શું છે?

સ્માર્ટ સિટી વિસ્તારમાં ખેતીને લગતા ઉદ્યોગો શરૂ થવાથી ખેડૂતોને મોટી સંખ્યામાં રોજગારી મળશે.

આ જગ્યાએ કૃષિ, વાણિજ્ય, આયાત-નિકાસ વ્યવસાયને લગતા ઉદ્યોગો બનશે, ખેડૂતોને ફાયદો થશે.

આ વિસ્તારમાં સંકળાયેલા નાના ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે. સ્માર્ટ સિટી વિસ્તારોમાં ખેડૂતોને તેમની પેદાશોની નિકાસ કરવા માટે જેએનપીટી અને વાઢવણ બંદરો સાથે કનેક્ટિવીટી મળશે. ■

# ગોરેગાંવમાં મ્યુઝિક કોન્સર્ટમાં ૧૭ મોબાઈલ ચોરાયા

મુંબઈ: મુંબઈ ખાતે યોજાયેલા યુક્રેનિયન ડીજે અને સંગીત બેલડીના આર્ટબેટ કાર્યક્રમમાં ઊમટી પડેલા ચાહકોમાંથી ૧૭ જણના ૭.૫ લાખ રૂપિયાની કિંમતના મોબાઈલ ફોન ચોરી થઇ ગયા હતા, એવું અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું. યુક્રેનિયન કેપિટલ કિવથી આવેલા સંગીત બેલડી આર્તુર અને બેટિશનું ગોરેગાંવ પૂર્વ ખાતે આખી રાત જીવંત પ્રસારણ ચાલી રહ્યું હતું એ સમયે મંગળવાર રાતના સાડાદસ વાગ્યાથી બુધવાર સવારે પાંચ વાગ્યા દરમિયાન મોબાઈલની ચોરી થઇ હતી. વૈશ્વિક રીતે જાણીતા બંને જણનું ઈલેક્ટ્રોનિક મ્યુઝિક આર્ટબેટનો પ્રથમ શો જ મુંબઈ ખાતે યોજાયો હતો. નેસ્કો ખાતે હોલ નંબર પાંચમાં તેઓનું જીવંત પ્રસારણ ચાલી રહ્યું હતું એ સમયે અજ્ઞાત શખસોએ અહીં આવેલા તેમના ચાહકોના મોબાઈલ ફોનની ચોરી કરી હતી. મલાડની એક ખાનગી કંપનીમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે કામ કરતી ૨૩ વર્ષની મહિલા અન્ય ૧૬ જણ સાથે મોબાઈલ ફોનની ચોરી થવા અંગે વનરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા માટે આવી હતી. મહિલાએ નોંધાવેલી ફરિયાદને આધારે અજ્ઞાત શખસ વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધીને તપાસ હાથ ધરવામાં આવી છે. (એજન્સી)■

# ત્રીજા મુંબઈ માટે એમએમઆરડીએએ શરૂ કર્યું કામ

▶ હવાઈ સર્વેક્ષણ અને જમીનની ચકાસણી કામ થયું શરૂ

▶ રાયગડમાં કર્નાળા, સાઈ અને ચિરનેર નગર ઊભાં કરાશે

મુંબઈ: છેલ્લાં ૧૦ વર્ષથી જેનો ઉલ્લેખ થઇ રહ્યો છે એ ત્રીજા મુંબઈને ઊભું કરવા માટે એમએમઆરડીએએ હવે કમર કસી છે. રાયગડ જિલ્લામાં કર્નાળા, સાઈ અને ચિરનેર પટ્ટામાં મહા નગરો ઊભાં કરવામાં આવશે. નવું મુંબઈ ઊભું કરવા માટે ૩૨૩ કિ.મી.નું ક્ષેત્રફળ છે. આમાં ૧૨૪ ગામનો સમાવેશ કરવામાં આવશે. પર્યાવરણને નુકસાન ન પહોંચે એ રીતે નવાં નગરો ઊભાં કરવામાં આવશે.

પ્રસ્તાવિત કેએસસી નગર વિસ્તારનો આધારભૂત નકશો અને અસ્તિત્વમાં છે એવી જમીનના વપરાશનો નકશો જીઆઈએસ દ્વારા કરવામાં આવશે. એ માટે હવાઈ સર્વેક્ષણ અને જમીનની ચકાસણી કરવાનું કામ શરૂ કરવાનો નિર્ણય એમએમઆરડીએએ લીધો છે. આ સર્વેક્ષણ એટલે કે ત્રીજું મુંબઈ ઊભું કરવા માટે મૂકવામાં આવેલું મોટું પગલું.

હાલમાં મુંબઈ અને નવી મુંબઈમાં પાયાભૂત સુવિધાને કારણે મોટી તકલીફો થઇ રહી છે. આથી જ રાજ્ય સરકારે એમએમઆરડીએના માધ્યમથી ત્રીજું મુંબઈ ઊભું કરવા માટે નક્કર પગલું લીધું છે. એના જ ભાગરૂપે પ્રસ્તાવિત કર્નાળા, સાઈ અને ચિરનેર જેવાં મોટાં નગરોના વિસ્તારની જમીનનો અભ્યાસ કરીને નકશો તૈયાર કરવો, જમીનનું સર્વેક્ષણ હાથ ધરવું, જમીનની માલિકી સંદર્ભના દસ્તાવેજો, નકશાનો સંગ્રહ કરવાનું કામ સ્વતંત્ર એજન્સીના માધ્યમથી કરવામાં આવી રહ્યું છે. આ માટે એમએમઆરડીએએ ટેન્ડર બહાર પાડ્યાં છે. આ તમામ સર્વેક્ષણ હાથ ધરાયા બાદ તેનું વિશ્લેષણ કરીને નગરો ઉભારવાના કામને પ્રત્યક્ષ રૂપે શરૂઆત કરવાનું શક્ય બનશે. ■




# કોસ્ટલ રોડ પર લેમ્બોર્ગિનીમાં આગ



મુંબઈ: મુંબઈના કોસ્ટલ રોડ પર જઈ રહેલી લેમ્બોર્ગિની કારમાં આગ લાગી હતી. આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. કારમાં આગ લાગ્યા બાદ તેમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા. આ વીડિયો બિઝનેસમેન ગૌતમ સિંઘાનિયાએ શૂટ કરી સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કર્યો છે. ઘટનાની માહિતી મળતા ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી. આ દુર્ઘટનાને પગલે રેમન્ડ ગ્રુપના ચેરમેન ગૌતમ સિંઘાનિયાએ સુરક્ષા સામે સવાલ ઉઠાવ્યા હતા. વીડિયો નજરમાં આવ્યા બાદ અધિકારીઓએ બુધવારે રાત્રે લગભગ ૧૦:૨૦ વાગ્યે બનેલી આ દુર્ઘટનાની જાણકારી આપી હતી. કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. ફાયર બ્રિગેડના અધિકારીઓએ જણાવ્યું હતું કે, માહિતી મળતાની સાથે જ આગને કાબૂમાં લેવા માટે તાત્કાલિક મદદ મોકલવામાં આવી હતી. ફાયર બ્રિગેડએ ૪૫ મિનિટમાં આગ પર કાબૂ મેળવ્યો હતો. ■

# બ્રિટિશ શાસકોએ ભારતીય ઈતિહાસને વિકૃત કર્યો: ભાગવત

### તેમણે એઆઈના યુગમાં શિક્ષકોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો

નાગપુર: આરએસએસના વડા મોહન ભાગવતે આરોપ લગાવ્યો છે કે બ્રિટિશ શાસકોએ ઇરાદાપૂર્વક ભારતના ઈતિહાસને વિકૃત કરી નાખ્યો હતો, જેથી તે લોકોમાં પોતાની જાતને શાસન કરવા માટે અક્ષમ હોવાની છબિ નિર્માણ કરી શકે.

નાગપુરમાં સોમલવાર એજ્યુકેશન સોસાયટીના ૭૦મા સ્થાપના દિવસ પર એક કાર્યક્રમમાં બોલતા, ભાગવતે ભારપૂર્વક કહ્યું હતું કે ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતા હોવા છતાં, આક્રમણકર્તાઓ સામે ભારતીયો એક રહ્યા હતા. ભાગવતે ૨૧મી સદીમાં ખાસ કરીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉદય સાથે શિક્ષકોના કાયમી મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે જ્યારે ટેકનોલોજી વિશાળ માહિતી પ્રદાન કરે છે, ત્યારે શિક્ષકોએ આ જ્ઞાનનો અસરકારક રીતે ઉપયોગ કેવી રીતે કરવો તેનું માર્ગદર્શન આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની છે. ભાગવતે પુનરોચ્ચાર કર્યો કે ઐતિહાસિક રીતે પ્રચારિત ખોટા ઈતિહાસનો સામનો કરવા માટે માહિતીનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરવું જોઈએ. ■





# બળાત્કારના આરોપી પ્રોડ્યુસરને શરણે આવવાનો આદેશ

મુંબઈ: ૩૮ વર્ષની મૉડેલ પર બળાત્કારના આરોપી ફિલ્મ પ્રોડ્યુસર ગુણવંત જૈનને સેશન્સ કોર્ટે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરવાના નિર્દેશ આપ્યા હતા.

નવેમ્બરમાં ધરપકડ કરવામાં આવ્યા બાદ જૈનને મુક્ત કરવાના મેજિસ્ટ્રેટના આદેશને બાજુ પર રાખી એડિશનલ સેશન્સ જજ (દિંડોશી કોર્ટ) ડી.જી. ધોબળેએ ૨૪ ડિસેમ્બરના તેમના આદેશમાં આરોપીને તાત્કાલિક સંબંધિત પોલીસ સ્ટેશન (વર્સોવા) સમક્ષ આત્મસમર્પણ કરવાના નિર્દેશ આપ્યા હતા.

જો આદેશનો ભંગ થાય તો એના અમલ માટે કાયદા પ્રમાણે તપાસકર્તા અધિકારી આરોપીની ધરપકડ કરવાની આઝાદી ધરાવે છે. જૈન શરણે આવે કે તેની ધરપકડ થાય એ દિવસથી પાંચ દિવસ માટેની રિમાન્ડ તેને આપવામાં આવી હતી. (પીટીઆઇ)■



# ૫૦૦ કરોડ રૂપિયાની ૧૩૩૦ નવી ઈ-બસ ખરીદશે બેસ્ટ



**શાંત વિરોધઃ** બેસ્ટના ખાનગીકરણના વિરોધમાં વડાલા બસ ડેપોમાં બેસ્ટના કર્મચારીઓએ હાથમાં કાળી પટ્ટી બાંધીને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કર્યું હતું. (જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ 'બેસ્ટ' હાલ આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહી છે. કર્મચારીઓને પગાર ચૂકવવા માટે પણ તેની પાસે પૈસા બચ્યા નથી.

બેસ્ટના પોતાના કાફલામાં રહેલી બસો પણ ધીમે ધીમે ઓછી થઈ રહી છે ત્યારે પંદરમાં ફાઈનાન્સ કમિશને 'બેસ્ટ'ને નવી ઈલેક્ટ્રિક બસ ખરીદવા માટે લગભગ ૫૦૦ કરોડ રૂપિયા આપવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળ્યું છે. આ ફંડમાંથી 'બેસ્ટ' લગભગ ૧,૩૦૦ નવી ઈ-બસ ખરીદશે એવું જાણવા મળ્યું છે.

બેસ્ટની પોતાની માલિકીની બસોનું આયુષ્ય ઘટી રહ્યું હોવાથી ધીમે ધીમે તેની બસો ભંગારમાં જઈ રહી છે. તો વેટ-લીઝ પર એટલે કે ભાડા પર લીધેલી બસના કૉન્ટ્રેક્ટરો સાથે પણ બેસ્ટ ઉપક્રમની મગજમારી ચાલી રહી છે ત્યારે બેસ્ટ ઉપક્રમ પોતાના કાફલામાં પોતાની માલિકીની બસની ખરીદી કરવાની છે. તે માટે તેના ફાઈનાન્સ કમિશનર પાસેથી ભંડોળ મળવાનું હોવાના અહેવાલ છે.

બેસ્ટ પાસે હાલ ૨,૮૮૯ બસનો કાફલો છે, તેમાથી ૧,૯૦૦ બસ વેટ લીઝ પર છે જ્યારે પોતાની માલિકીની ૯૮૯ છે. તેથી બેસ્ટ હવે ૧,૩૦૦ નવી ઈ-બસ ખરીદવાની છે. પંદરમા ફાઈનાન્સ કમિશનરે બેસ્ટને ૯૯૨ કરોડ રૂપિયા આપવાની છે, તેમાંથી ૪૯૩.૩૮ કરોડ રૂપિયા આપી દીધા છે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ ફાઈનાન્સ કમિશન પાસેથી રકમ મળ્યા બાદ તેઓ બેસ્ટ ઉપક્રમને આપશે.

આગામી નાણાકીય વર્ષમાં પાલિકા બેસ્ટ ઉપક્રમને ૯૦૦થી ૧૦૦૦ કરોડ રૂપિયા આપવાનું વિચારી રહી છે. છેલ્લા ૧૨ વર્ષમાં પાલિકાએ બેસ્ટને લગભગ ૧૧,૨૨.૮૦ કરોડ રૂપિયા આપ્યા છે.

આ દરમિયાન ગુરવારે બેસ્ટમાં ખાનગીકરણ બંધ કરવાની તથા પોતાની માલિકીની બસની ખરીદી કરવાની, તેમ જ બેસ્ટમાં કાયમી સ્વરૂપે કર્મચારીઓની ભરતી કરવાની તેમ જ બીએમસી પાસેથી ભંડોળ ઉપલબ્ધ કરી આપવાની માગણી સાથે બેસ્ટના તમામ કર્મચારીએ કાળી પટ્ટી લગાવીને વિરોધ પ્રદર્શન કર્યા હતા. ■


☎ APPOINTMENTS ☎

HYUNDAI SHREEM HYUNDAI

We are Hiring



Open Positions

- Sales Consultants
- Team Leader - Sales
- Asst. Sales Manager
- Sales Manager
- Accessories Sales Executive
- CRE
- Tele Callers
- CCM (for Mahalaxmi)
- Drivers

Walk-in Interview

Dates : 28th & 29th December 2024 , 4th & 5th January 2025
Venue : As the dealership location given below.

Email your CV at careers@shreemhyundai.com or Whatsapp it on 99679 03103

SHREEM HYUNDAI
www.shreemhyundai.com
Unit No. 4 and 5, Kesar Ashish CHSL, New Link Rd, Near Mahavir Nagar Signal, Kandivali (W), Mumbai - 400067


# બીમારીથી કંટાળીને આત્મહત્યા કરવા જઇ રહેલા વૃદ્ધ દંપતીને બચાવાયું

થાણેઃ થાણેમાં ઘોડબંદર રોડ પરના વાઘબિળ વિસ્તારમાં સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓથી કંટાળીને આત્મહત્યા કરવા જઇ રહેલા વૃદ્ધ દંપતીને પોલીસ અને અગ્નિશમન દળ દ્વારા બચાવવામાં આવ્યું હતું. વૃદ્ધ દંપતીની ઓળખ મધુસૂદન ગોપાળ વાડેકર અને માધુરી વાડેકર તરીકે થઇ હોઇ તેઓ વાઘબીળ નાકા ખાતેની ઇમારતમાં રહે છે. પોલીસ અને રેસ્ક્યુ ટીમે દંપતીનું કાઉન્સેલિંગ કર્યું હતું અને પોતાને નુકસાન પહોંચાડવાના કોઇ પણ પ્રયાસથી દૂર રહેવા માટે તેમને સમજાવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

વાઘબિળ વિસ્તારમાંની ઇમારતના સાતમા માળે રહેતું વૃદ્ધ દંપતી આત્મહત્યા કરી રહ્યું છે, એવી માહિતી દંપતીના ભાણેજે બુધવારે રાતે કાસારવડવલી પોલીસને આપી હતી. આથી પોલીસે થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના એલર્ટ કર્યું હતું.

દંપતી સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓથી પીડાતું હતું અને તેમણે જીવનનો અંત લાવવાનો નિર્ણય લીધો હતો. તેમણે આવું પગલું ભરવા પૂર્વે તેમના ભાણેજને મોબાઇલ પર મેસેજ મોકલીને જાણ કરી હતી. ભાણેજે તુરંત પોલીસને તેની માહિતી આપી હતી. દરમિયાન પોલીસ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ અને અગ્નિશમન દળના જવાનો દંપતીના નિવાસે પહોંચી ગયા હતા. ઘર અંદરથી બંધ હોવાથી બચાવ કર્મચારીઓએ પડોશીની બારી વાટે દંપતીના ઘરમાં પ્રવેશ મેળવ્યો હતો અને માત્ર ૧૦ મિનિટમાં દંપતીને બચાવી લીધું હતું. દંપતીએ તમામનો આભાર માન્યો હતો અને ફરી આવું નહીં કરશે તેવું વચન આપ્યું હતું.■

# મારી રાજકીય કારકિર્દી ખતમ કરવાનું કાવતરુંઃ ધનંજય મુંડે

## બીડના સરપંચની હત્યાને મામલે દેવેન્દ્ર ફડણવીસને મળ્યા પછી મુંડેનું વિધાન

મુંબઈઃ બીડ સરપંચ હત્યા કેસ સંબંધે અજિત પવાર જૂથના એનસીપીના નેતાની કેબિનેટમાંથી હકાલપટ્ટીની માગ વચ્ચે ધનંજય મુંડે ગુરુવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા. બેઠક કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં રાજ્યના ખાદ્ય અને નાગરિક પુરવઠા પ્રધાન મુંડેએ કહ્યું હતું કે તેમના વિભાગની બેઠક મુંબઈના સહ્યાદ્રિ ગેસ્ટ હાઉસમાં મુખ્ય પ્રધાનના બેઠક સમયે મળી હતી. આ જ કારણથી અમે મળ્યા હતા, એવું મુંડેએ ઉમેર્યું હતું.

મુંડેએ એમ પણ કહ્યું હતું કે તેઓ પહેલા દિવસથી જ માગ કરી રહ્યા છે કે સરપંચ સંતોષ દેશમુખના હત્યારાને ફાંસીને માંચડે લટકાવો. જો હત્યારાઓ મારા સહિતના કોઇ પણ નજીકના હોય તો પણ. આરોપીઓને સજા થવી જ જોઇએ. તેમ છતાં મને નિશાન બનાવવામાં આવી રહ્યો છે. આવા પ્રકારનું રાજકારણ કોણ રમી રહ્યું છે, એવો સવાલ મુંડેએ કર્યો હતો.

મારા વિરુદ્ધ મીડિયા ટ્રાયલનો હેતુ મારી કારકિર્દી ખતમ કરવી નાખવા સિવાય બીજો કોઇ ન હોઇ શકે, એવો દાવો મુંડેએ કર્યો હતો. ફડણવીસે સરપંચની હત્યાની અદાલતી તપાસની જાહેરાત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બીડના સરપંચ સંતોષ દેશમુખનું ૯મી ડિસેમ્બરના રોજ અપહરણ કરવામાં આવ્યું હતું. કલાકો બાદ તેમનો મૃત શરીર મળી આવ્યો હતો. જેમાં તેમના પર ભારે ત્રાસ વેઠવામાં આવ્યો હોવાનાં નિશાન જોવા મળ્યાં હતાં. તેમની હત્યા કથિત રીતે તેના ગામ નજીકના પવન ઊર્જા પ્લાન્ટમાં ખંડણીના પ્રયાસમાં તેમની દખલગીરીને કારણે થઇ હતી. (એજન્સી)■

### આ મામલા સાથે સંકળાયેલા અન્ય બે કેસની તપાસ સીઆઈડી કરશે

મહારાષ્ટ્ર સીઆઈડીએ બીડ જિલ્લામાં મસ્સાજોગ ગામમાં સરપંચ સંતોષ દેશમુખની હત્યાના કેસ સાથે સંકળાયેલા વધુ બે કેસને ગુરુવારે હાથમાં લીધા હતા. આ પહેલાં જ સરકારના આદેશ અનુસાર સીઆઈડીએ દેશમુખના હત્યા કેસની તપાસ ૧૨ ડિસેમ્બરે શરૂ કરી હતી, એવું અધિકારીએ જણાવ્યું હતું.

બે કોરડ રૂપિયાની ખંડણી સંબંધે સરપંચની કથિત હત્યાના કરવામાં આવી હોવા અંગેના કેસની તપાસ સીઆઈડી કરી રહી છે. આ કેસમાં વાલ્મિક કરાડ અને અન્ય બે આરોપી ફરાર છે.

આ જ કેસમાં સિક્યોરિટી ગાર્ડની મારપીટ કરી હોવાના કેસની તપાસ પણ હવે સીઆઈડીને સોંપવામાં આવી છે, એવું અધિકારીએ જણાવ્યું હતું. ■

# નવી મુંબઈમાં ડ્રગ્સ કેસમાં સતત વધારો થઇ રહ્યો છે

થાણેઃ નવી મુંબઈમાં ડ્રગ્સ સંબંધી ગુનાઓમાં વધારો જોવા મળી રહ્યો હોઇ ૨૦૨૪માં ૬૫૪ જેટલા કેસ નોંધાયા હતા. ગયા વર્ષે આ આંકડો ૪૭૫ હતો. એટલે કે ગયા વર્ષની સરખામણીમાં ૧૭૯ કેસ વધ્યા છે, એમ વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

નવી મુંબઈ પોલીસના વાર્ષિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૬૫૪ કેસમાં ૩૩.૨૭ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડવામાં આવ્યું હતું, જ્યારે ગયા વર્ષે ૨૨.૯૭ કરોડનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું.

આ વર્ષે ૯૩૯ તસ્કરોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ગયા વર્ષે ૮૧૧ તસ્કરોની ધરપકડ કરાઇ હતી. તેમની વિરુદ્ધ નાર્કોટિક્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

આ ડ્રગ્સ તસ્કરોમાં ૫૮ વિદેશી નાગરિકોનો સમાવેશ છે. મુખ્યત્વે તેમાં આફ્રિકનો છે. ગયા વર્ષે ૩૭ વિદેશી નાગરિકો પકડાયા હતા. આ વર્ષે વિદેશી નાગરિકો પાસેથી ૨૫.૭૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે, જે આંકડો ગયા વર્ષે ૧૧.૬૧ કરોડ રૂપિયા હતો.

જપ્ત કરાયેલા ડ્રગ્સમાં કોકેઇન સૌથી વધુ જપ્ત કરાયું હતું, જેની કિંમત ૧૬.૭૦ કરોડ રૂપિયા છે, જ્યારે ૨૦૨૩માં ૧.૨૫ કરોડ રૂપિયાનું કોકેઇન પકડાયું હતું.

પોલીસે ૧૨.૬૭ કરોડ રૂપિયાનું મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ પકડ્યું છે, જ્યારે ગયા વર્ષે ૯.૩૩ કરોડ રૂપિયાનું મેફેડ્રોન પકડાયું હતું. બીજી તરફ એમડીએમએ ડ્રગ્સની જપ્તી ૨૦૨૩માં ૨૨.૧૦ લાખ રૂપિયા પરથી આ વર્ષે ૨૯.૯૮ લાખ સુધી પહોંચી છે.

ગાંજા અને બ્રાઉન શુગર પણ મોટા પાયે જપ્ત કરવામાં આવ્યું હતું, જેની કિંમત અનુક્રમે ૬૭.૮૩ લાખ અને ૩૦.૧૦ લાખ રૂપિયા હતી, જ્યારે ગયા વર્ષે આ આંકડો અનુક્રમે ૮.૪૬ લાખ અને ૧.૭૮ લાખ રૂપિયા હતો.

દરમિયાન એલએસડી બ્લોટ ૩૩.૫૫ લાખ રૂપિયાના પકડાયા હતા, જે ગયા વર્ષે ૧૯.૮૦ લાખના જપ્ત કરાયા હતા. ૨૦૨૪માં ૬૭.૮૧ લાખ રૂપિયાનું ચરસ અને ૫૫,૦૦૦નું મિથાડોન પકડાયું હતું. ૨૦૨૩માં આ બંને ડ્રગ્સની જપ્તિ નહોતી થઇ.

મેથાક્યુલોન અને ટ્રેમડોલ જેવા પદાર્થો અનુક્રમે ૫.૯૬ કરોડ રૂપિયા અને ૩.૬૪ કરોડ રૂપિયાની કિંમતના હતા, જ્યારે ગયા વર્ષે આ પદાર્થ પકડાયા નહોતા. આ જ રીતે ૨૦૨૪માં હેરોઇન પકડાયું નહોતું, પરંતુ ગયા વર્ષે ૩૩,૧૬૦ રૂપિયાનું હેરોઇન પકડાયું હતું. (પીટીઆઇ)■

# પનવેલમાં પત્નીને જીવતી સળગાવવાના કેસમાં ફરાર પતિની ૩૩ વર્ષે ધરપકડ

થાણેઃ નવી મુંબઈમાં કેરોસીન રેડી પત્નીને જીવતી સળગાવવાના કેસમાં ફરાર પતિને પોલીસે છેક ૩૩ વર્ષે મુંબઈના મુલુંડ પરિસરમાંથી પકડી પાડ્યો હતો.

પનવેલ શહેર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર નીતિન ઠાકરેએ જણાવ્યું હતું કે આરોપી બાબુ ગુડગીરામ કાળે (૭૦)ને રવિવારે મુલુંડ નજીકથી પકડી પાડવામાં આવ્યો હતો. કાળે મુલુંડમાં મજૂર તરીકે કામ કરતો અને ફૂલો વેચતો હતો. પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૨૮ જાન્યુઆરી, ૧૯૯૧માં બની હતી. ઘરેલુ વિવાદમાં કાળેનો પત્ની સાથે વારંવાર ઝઘડો થતો હતો. રોષમાં આવી કાળેએ નવી મુંબઈના પનવેલ ખાતેના ઘરમાં પત્ની પર કથિત રીતે કેરોસીની રેડી આગ ચાંપી હતી.

ગંભીર રીતે દાઝેલી પત્નીને હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. તે સમયે કાળે વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ફરાર કાળે વિરુદ્ધ કોર્ટે અરેસ્ટ વૉરન્ટ જારી કર્યા હતા. પોલીસ કાળેની શોધ ચલાવી રહી હતી, પરંતુ ત્રણ દસકાથી તે સંતાતો ફરતો હતો. કાળે મુલુંડ પરિસરમાં નજરે પડ્યો હોવાની માહિતી તાજેતરમાં પોલીસને મળી હતી. (પીટીઆઈ)■

# થાણે કોર્ટમાં પોપાબાઈનું રાજઃ ૧૧ પોલીસ સસ્પેન્ડ

## બે વાર સલામતીમાં છીંડાંઃ એક વાર જજ પર સ્લિપર ફેંકાઈ, બીજી વાર એક માણસ ગન સાથે ફરતો દેખાયો

મુંબઈઃ મહારાષ્ટ્રની થાણે જિલ્લાની એક કોર્ટમાં સિક્યોરિટીમાં બે વાર કોર્ટના ભંગ થવા માટે ગુરુવારે ૧૧ પોલીસને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

ટેબલમાં ફેરફાર કરવા માટે વિનંતી અંગે કોઇ પણ પ્રકારનો પ્રતિભાવ ન મળવાને કારણે એક વ્યક્તિએ કલ્યાણના એડિશનલ અને સેશન્સ જજ આર.જી. વાઘમારે સામે સ્લિપર ફેંકી હતી, એવું અધિકારીએ જણાવ્યું હતું. સ્લિપર જજની નજીક લાકડાના ટેબલ પર પડ્યું હતું.

બાદમાં એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેમાં એક ખાનગી સિક્યોરિટી કોર્ટ વિસ્તારમાં ગન સાથે ફરી રહ્યો હતો, જેના પર પ્રતિબંધ છે, એવું ડીસીપી અતુલ ઝેંડેએ જણાવ્યું હતું. ખાનગી સિક્યોરિટી પર કોઇ પણ પ્રકારનાં પગલાં લેવાને બદલે ડિપાર્ટમેન્ટે ૧૧ પોલીસને સસ્પેન્ડ કર્યા હતા. સિક્યોરિટી કોર્ટ પરિસરમાં ગન સાથે દેખાયો એ બદલ તેઓને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા, એવું ઝેંડેએ જણાવ્યું હતું. પ્રાથમિક પુરાવામાં એવો ખુલાસો થયો હતો કે આ બનાવ બન્યો ત્યારે પોલીસ અધિકારી સહિત ૧૧ પોલીસ કર્મચારીએ તેમની ફરજને અવગણી હતી અને લાપરવાહી વર્તી હતી, એવું ઝેંડેએ મીડિયાને જણાવ્યું હતું. (એજન્સી)■

# વસઈમાં બાળકની છાતી પર વાહન ચડાવનાર ડ્રાઈવર પકડાયો

વસઈઃ વસઈના વાળીવ વિસ્તારમાં બુધવારે સવારે બનેલી કમનસીબ ઘટનાએ સૌને ચોંકાવી દીધા હતા. છ વર્ષના બાળકની છાતી પર ટી-પરમિટ વાહન ચલાવ્યા બાદ ફરાર થઈ ગયેલા ડ્રાઈવરની વાળીવ પોલીસે ધરપકડ કરી છે. આ ડ્રાઈવરની ઓળખ ગોરેગાંવ ઈસ્ટના રહેવાસી કફીલ અહમદ તરીકે થઈ છે. સીસીટીવીમાં ઝડપાયેલી આ દુર્ઘટના બુધવારે સવારે ૧૦.૨૧ વાગ્યે વસઈ પૂર્વના નાઈકપાડાના શિવ ભીમ નગરમાં બની હતી. ખઇં૦૧ઊખ૩૨૪૫ કાર નંબર ઓલા એપની મદદથી બુક કરવામાં આવ્યો હતો. પાંચ વર્ષનો રાઘવ કુમાર ચવાણ ઉર્ફે છોટુ કાર સામે ખુલ્લી જગ્યામાં રમી રહ્યો હતો. કારના ડ્રાઈવરે છોકરાને જોવાની દરકાર કર્યા વિના બેદરકારીથી કાર ચલાવી હતી. પરિણામે બાળકને ગંભીર ઇજા થઇ હતી. એક્સિડન્ટ પછી ડ્રાઈવર ભાગી ગયો હતો. ઓલા બુક કરનાર પ્રવાસીનો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો, પરંતુ તેણે કાર ડ્રાઈવર સાથે આવીશ તેમ કહી મોબાઈલ ફોન બંધ કરી દીધો હતો. ગંભીર અકસ્માતમાં ૬ વર્ષના બાળકને હાથ, માથા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ થતા તેને તાત્કાલિક વાળીવની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હાલ તેની સારવાર ચાલી રહી છે. ડ્રાઈવર કફીલ અહમદની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ કરી રહી છે. ■


પ્રાર્થનાસભા



જન્મઃ ૩૦/૧૨/૧૯૪૯ સ્વર્ગવાસઃ ૨૫/૧૨/૨૦૨૪

શ્રીમતી અનસુયા ગાંધી

અત્યંત દુઃખ સાથે તેમના અવસાનની જાહેરાત કરીએ છીએ, જેઓ પ્રિય માતા, દાદી અને પત્ની હતા. તેઓને જાણતા દરેક વ્યક્તિને તેમની ખૂબ યાદ આવશે.
તેઓને પ્રેમથી યાદ કરતા તેમના પરિવારજનોઃ ચંદ્રકાંત, ચિરાગ, મીરા, સુનિલ, ઉર્મી, મેહક, હૃષિકા, આરિયા.
પ્રાર્થનાસભાનું સ્થળઃ
તારીખઃ ૨૮.૧૨.૨૦૨૪,
સમયઃ સાંજના ૫:૦૦ થી ૭:૦૦.
સ્થળઃ રોટરી સર્વિસ સેન્ટર, રોટરી ચૌક, જૂહુ તારાવાડા માર્ગ, કોલીવાડા નજીક, જૂહુ.


# ઇમર્જન્સી એમ્બ્યુલન્સ ડ્રાઇવરની આડોડાઇને લીધે પ્રવાસીનું મૃત્યુ?

## સ્ટેશનના બનાવ વિશે બેદરકારીના અહેવાલો નકારે છે એમઈએમએસ

મુંબઈઃ મહારાષ્ટ્ર ઇમર્જન્સી મેડિકલ સર્વિસીસ (એમઈએમએસ)ના એમ્બ્યુલન્સ ડ્રાઇવરે ૨૪ ડિસેમ્બરે ૭૦ વર્ષના બિઝનેસમેન રામશંકર સિંહને હિન્દુજા હૉસ્પિટલમાં લઈ જવાની ના પાડી હોવાથી વાંદરા રેલવે સ્ટેશન પર તેમનું અવસાન થયું હતું એ મતલબના કેટલેક ઠેકાણે પ્રકાશિત થયેલા અહેવાલને એમઇએમએસ દ્વારા તીવ્રતાથી નકારવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે એક મીડિયાને કહ્યું હતું કે આ સમાચારનો અહેવાલ ગેરમાર્ગે દોરનારો છે.

વિગતવાર આપવામાં આવેલા જવાબમાં એમઈએમએસએ જણાવ્યું હતું કે ચક્કર આવવાથી રામશંકર સિંહ સ્ટેશન પર જ ઢળી પડ્યા હતા. સાંજે ૫:૩૮ વાગ્યે '૧૦૮' કંટ્રોલ રૂમમાં મૃતકના પુત્ર હરિમોહન સિંહનો ફોન આવ્યો હતો. વાંદરા લવે સ્ટેશન (વાહન નંબર ખઇં૧૪ઈક૧૨૭૬) પર તૈનાત '૧૦૮' એમ્બ્યુલન્સને સાંજે ૫:૪૧ વાગ્યે ઇન્સિડન્ટ આઇડી ૨૦૨૪૧૨૨૪૦૫૪૭૫ સાથે રવાના કરવામાં આવી હતી. જીપીએસ રેકોર્ડ દર્શાવે છે કે એમ્બ્યુલન્સ વાંદરા રેલવે સ્ટેશનથી સાંજે ૫:૪૪ વાગ્યે રવાના થઈ હતી અને સાંજે ૬:૦૦ વાગ્યે હિન્દુજા હોસ્પિટલ પહોંચી હતી. ટૂંકમાં ફોન આવ્યા પછી ત્રણ મિનિટમાં જ રામશંકર સિંહ સાથે એમ્બ્યુલન્સ રવાના થઇ ગઇ હતી. એમઈએમએસએ તેમના દાવાઓને સાબિત કરવા માટે જીપીએસ રેકોર્ડ્સ પણ પૂરા પાડ્યા હતા. વાંદરા પૂર્વમાં રહેતા રહેવાસી રામશંકર કપડાંના વ્યવસાયમાં હતા.

રામશંકર સિંહ મંગળવારે સાંજે ૫:૦૦ વાગ્યાની આસપાસ મરીન લાઇન્સથી બોરીવલી જતી લોકલ ટ્રેનમાં બેઠા હતા. ટ્રેનમાં હતા ત્યારે તેમને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો અને તેઓ ઢળી પડ્યા હતા. સાથી મુસાફર મેહુલ સંઘરાજકાએ સિંહના પુત્રનો સંપર્ક સાધ્યો હતો અને બિઝનેસમેનને વાંદરા સ્ટેશન પર ઉતરવામાં મદદ કરી હતી. સંઘરાજકાના જણાવ્યા અનુસાર સિંહ એમ્બ્યુલન્સ સુધી ચાલીને જઈ શક્ય હતા, પરંતુ એમ્બ્યુલન્સ ડ્રાઇવરે ડોક્ટરની રાહ જોવામાં અને અન્ય ટેકનિકલ કારણોને ટાંકીને કથિત રીતે સમય બગાડ્યો હતો. કમનસીબે રામશંકર સિંહનું હોસ્પિટલ જતા માર્ગમાં જ નિધન થયું હતું.■


દશા શ્રીમાળી વણિક
ભાવભરી શ્રધ્ધાંજલી



મૂળગામ હાથસણી, હાલ બોરીવલી
શ્રી નીતિનભાઈ ગોપાલદાસ શાહ (ઉ. ૬૯)
અક્ષરનિવાસીઃ ૧૯/૧૨/૨૦૨૪ (ગુરુવાર)
એક એવું જીવન કે જેનો પ્રેમ અને દયાનો વારસો આપણા હૃદયમાં કાયમ રહેશે.
પ્રાર્થનાસભા ૨૭/૧૨/૨૦૨૪
શુક્રવાર, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
સ્થળઃ લોટસ બેન્ક્વેટ હોલ, ચોથો માળ, રઘુલીલા મોલ, પોઈસર, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ.
પ્રાર્થનાસભા પછી સર્વને ભાણે બેસવા નમ્ર વિનંતી.
શોકાકુલ
માતા-પિતા : સ્વ. પદમાબેન ગોપાલદાસ શાહ,
ધર્મપત્ની : ઉમાબેન,
પુત્ર-પુત્રવધુ : વત્સલ- હેમાલી,
પૌત્ર : ધ્વનિત,
પુત્રી-જમાઈ: હેતલ હાર્દિકકુમાર મહેતા
દોહિત્ર : શોર્ય,
ભાઈ-ભાભી: પંકજ- નયના શાહ, કેતન- જીજ્ઞા શાહ
બહેન-બનેવી: પારૂલ હરેશભાઇ પારેખ,
ભત્રીજા-ભત્રીજી: પ્રિયાંક, પાર્થ, હિર,
ભાણેજ-ભાણેજવહુ: પ્રણવ- પીનલ પારેખ,
ભાણેજ-ભાણેજવર: અવની હર્ષિલકુમાર શાહ,
સાસરાપક્ષે અ.સૌ. નિર્મળાબેન અનંતરાય મહેતા પરિવારના જમાઈ.
સમસ્ત શાહ પરિવારના જય શ્રી સ્વામિનારાયણ
વત્સલ : 9819617111


# વિધાન સભ્યના મામાની હત્યાઃ કાવતરાખોર પત્નીની ધરપકડ, ભાડૂત સાથે હતા અનૈતિક સંબંધ

પુણેઃ ભાજપના વિધાન પરિષદના સભ્ય યોગેશ ટિળેકરના મામા સતીશ વાઘની હત્યાનું કાવતરું ઘડવાના આરોપસર તેની પત્નીની ધરપકડ કરવામાં આવી હતી. સતીશ વાઘની હત્યા તેની પત્ની મોહિની વાઘના ભૂતપૂર્વ ભાડૂત સાથેના અનૈતિક સંબંધોનું પરિણામ હોવાનું પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું.

સતીશ વાઘની હત્યા કરવાનું મોહિની વાઘે તેના પ્રેમીને કહ્યું હતું અને હત્યાની સુપારી ચાર જણને આપવામાં આવી હતી.

પુણેના હડપસર વિસ્તારમાં સતીશ વાઘ (૫૫) મોર્નિંગ વૉક માટે નીકળ્યા હતા, ત્યારે શેવળવાડી ચોક નજીક કારમાં તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું. સાંજના પુણે-સોલાપુર હાઇવે પર યવત નજીક વાઘનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો.

એડિશનલ પોલીસ કમિશનર (ક્રાઇમ) શૈલેશ બાલકવાડે કહ્યું હતું કે વાઘની હત્યાના કાવતરામાં સંડોવણી સામે આવ્યા બાદ મોહિની વાઘની બુધવારે ધરપકડ કરાઇ હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે મોહિનીએ તેના ભૂતપૂર્વ ભાડૂત અક્ષય જાવલકર (૨૯)ને વાઘની હત્યા કરવા માટે કહ્યું હતું. વાઘની હત્યા માટે અક્ષયે ચાર આરોપીને પાંચ લાખ રૂપિયાની સુપારી આપી હતી.

જાવલકર પરિવાર ઘણાં વર્ષોથી વાઘનો ભાડૂત હતો. એ સમયગાળામાં મોહિની અને અક્ષય વચ્ચે અનૈતિક સંબંધ બંધાયા હતા.

તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે પત્નીના અનૈતિક સંબંધની જાણ વાઘને થતાં તેણે વિરોધ કર્યો હતો. ત્યાર બાદ જાવલકર પરિવાર અન્યત્ર રહેવા જતો રહ્યો હતો. જોકે મોહિની અને અક્ષય એકબીજાના સંપર્કમાં હતાં. આ બાબતને લઇ વાઘ તેની પત્નીની મારપીટ કરતો હતો.

પોલીસે આ કેસમાં મોહિની અને અક્ષય ઉપરાંત પવન શ્યામસુંદર શર્મા (૩૦), નવનાથ અર્જુન ગુરસાલે (૩૧), વિકાસ સીતારામ શિંદે (૨૮) અને આતિશ જાધવની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)■

# ફ્લેટ ખરીદીના સોદામાં ડૉક્ટર સાથે ૭૦ લાખની ઠગાઇ

થાણેઃ નવી મુંબઈમાં ફ્લેટ ખરીદીના સોદામાં ૪૮ વર્ષના ડોક્ટર સાથે ૭૦ લાખ રૂપિયાની ઠગાઇ આચરવા પ્રકરણે મહિલા સહિત ત્રણ સામે ગુનો દાખલ કરાયો હતો.

આરોપીઓએ કલંબોલીના રોડપાલી વિસ્તારમાં આવેલો ફ્લેટ ડોક્ટરને દેખાડ્યો હતો. આ ફ્લેટ અન્ય કોઇને વેચી દેવામાં આવ્યો હોવા છતાં તે ખરીદવા માટે ડોક્ટરને દેખાડી ખરીદવા માટે મનાવી લીધો હતો. તેમણે ડોક્ટર પાસેથી ૭૦ લાખ રૂપિયા લીધા હતા, પણ ફ્લેટનો તાબો આપ્યો નહોતો, એમ કલંબોલી પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું. દરમિયાન ડોક્ટરે પોતાના રૂપિયા પાછા માગ્યા ત્યારે આરોપીઓ તેને ટાળવા લાગ્યા હતા. આથી ડોક્ટરે મંગળવારે કલંબોલી પોલીસનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે મહિલા સહિત ત્રણ સામે ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ)■

